બટાકાના ભાવ તળિયે બેસતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની

કોલ્ડ સ્ટોરેજમાં બટાકાંના ૯૦ લાખ પેકેટનો ભરાવો, ૪૦ લાખ પેકેટ ફેંકવા પડે તેવી સ્થિતિ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં બટાકાનું વિપુલ ઉત્પાદન ખેડૂતો માટે આશીર્વાદને બદલે અભિશાપ સાબિત થયું છે. કોલ્ડ સ્ટોરેજમાં હજૂ પણ ૯૦ લાખ પેકેટ બટાકા અટવાયેલા છે, જેમાંથી સમયના અભાવે આશરે ૪૦ લાખ પેકેટ ફેંકવાની નોબત આવે તેવી ભીતિ છે. બજારભાવ તળિયે બેસી જતાં ખેડૂતો માટે માલની કિંમત શૂન્ય થઈ ગઈ છે અને પડતર ખર્ચ પણ નીકળતો નથી. યોગ્ય રજૂઆતના અભાવે સરકાર તરફથી કોઈ ટેકો ન મળતાં જગતનો તાત આર્થિક સંકટમાં ઘેરાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે બટાકાનું સામાન્ય ૪ કરોડ પેકેટ સામે સાડા ચાર કરોડ પેકેટ જેટલું વિક્રમી ઉત્પાદન નોંધાયું છે. જોકે વધુ પડતા પુરવઠા સામે માંગનો અભાવ સર્જાતાં બજારમાં ભારે કડાકો બોલાયો છે. જિલ્લામાં ખાવાના બટાકાનો કુલ જથ્થો ૨ કરોડ ૨૨ લાખ પેકેટ જેટલો હતો, જેમાંથી હાલ કોલ્ડ સ્ટોરેજમાં અંદાજે ૯૦ લાખ પેકેટ માલ સંગ્રહાયેલો પડ્યો છે.

એસોસિએશનની નિષ્ક્રિયતા અને સરકારી સહાયનો અભાવ

વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૩માં સર્જાયેલી આવી કટોકટી વખતે એસોસિએશનના હોદ્દેદારોએ સરકારમાં સઘન રજૂઆત કરી ખેડૂતોને સબસિડી અપાવી હતી. જોકે આ વર્ષે નવું માળખું બન્યા બાદ સક્રિયતા અને યોગ્ય રજૂઆતનો મોટો અભાવ જોવા મળ્યો છે. પરિણામે સરકાર સુધી ખેડૂતોની સાચી વ્યથા પહોંચી શકી નથી અને ખેડૂતો કોઈપણ પ્રકારની સરકારી રાહત કે આ થક પેકેજથી વંચિત રહી ગયા છે.

બજારમાં હાલ ખેડૂતોને પ્રતિ કિલો માત્ર રૂ.૫ થી ૧૦ જેવા નજીવા ભાવ મળી રહ્યા છે, જ્યારે કોલ્ડ સ્ટોરેજમાંથી માલ બહાર કાઢવા સુધીનો પડતર ખર્ચ જ કિલો દીઠ રૂ.૧૫ પહોંચી જાય છે. આ સ્થિતિમાં જે ખેડૂતો માલ વેચી રહ્યા છે તેમને માત્ર બારદાન, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ જ માંડ છૂટો થાય છે, જ્યારે ખેડૂતોના હાથમાં માલની ઉપજ શૂન્ય સમાન રહી છે. નબળી ગુણવત્તાવાળા માલમાં તો વાહનભાડું પણ માથે પડી રહ્યું છે.

અગાઉ વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૩માં જ્યારે આવી કટોકટી સર્જાઈ હતી ત્યારે મજબૂત રજૂઆતોના આધારે સરકાર પાસેથી સબસિડી મેળવી શકાઈ હતી. પરંતુ આ વર્ષે એસોસિએશનનું માળખું બદલાતાં યોગ્ય રજૂઆતનો અભાવ રહ્યો છે. જેના લીધે ખેડૂતો કોઈપણ સરકારી સહાયથી વંચિત રહ્યા છે.

ખેડૂતોને માલના ભાવ શૂન્ય મળ્યાં, પડતર પણ માથે પડી

હાલ ખેડૂતોને પ્રતિ કિલો માત્ર રૂ.૫ થી ૧૦ મળી રહ્યા છે, જેની સામે પડતર ખર્ચ રૂ.૧૫ થાય છે. અત્યારે વેચાણ કરી રહેલા ખેડૂતોને માત્ર બારદાન અને પરિવહન ખર્ચના નાણાં જ માંડ મળી રહ્યા છે. ખેડૂત માટે માલની મૂળ ઉપજ શૂન્ય સાબિત થઈ છે અને નબળા માલનું તો ભાડું પણ નીકળતું નથી. યોગ્ય પ્રચાર-પ્રસારના અભાવે ખેડૂતોની આ વેદના દબાઈ ગઈ છે અને તેઓ ભારે આ થક સંકટમાં મુકાયા છે.

જિલ્લાના કોલ્ડ સ્ટોરેજમાં માલનો મોટા પાયે ભરાવો

બનાસકાંઠામાં ખાવાના બટાકાનો કુલ જથ્થો આશરે ૨ કરોડ ૨૨ લાખ પેકેટ હતો, જેમાંથી હાલ કોલ્ડ સ્ટોરેજમાં આશરે ૯૦ લાખ પેકેટ બટાકા સંગ્રહાયેલા છે. હવે ઓક્ટોબર અને નવેમ્બર એમ માત્ર બે મહિના બાકી રહ્યા છે. દર મહિને સરેરાશ ૨૫ લાખ પેકેટની નિકાસ ગણીએ તો પણ માત્ર ૫૦ લાખ પેકેટ જ નીકળી શકે તેમ છે. પરિણામે ઉત્તરાયણ પૂર્વે નવો પાક આવતાં આશરે ૪૦ લાખ પેકેટ બટાકા ખેડૂતોને ફેંકવા પડે તેવી ગંભીર સ્થિતિ છે.

જો સરકાર દ્વારા ટેકાના ભાવ કે હેક્ટર દીઠ વિશેષ આર્થિક રાહત પેકેજ નહીં અપાય તો ખેડૂતો દેવામાં ડૂબી જશે અને આગામી સિઝનમાં વાવેતર કરવું અશક્ય બની જશે.

બનાસકાંઠામાં બટાકાંના ભાવ ગગડી જતા પડતર ખર્ચ પણ ન નીકળે તેવી સ્થિતિ એસોસિએશનની નિષ્ક્રિયતા અને રજૂઆતના અભાવે ખેડૂતો રાહતથી વંચિત

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વીજળીના અણધારીત કાપ, લો-વોલ્ટેજ અને વારંવાર થતા ટ્રીપિંગના કારણે ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર સમસ્યાના ઉકેલની માંગ સાથે શનિવારે સરસ્વતી તાલુકાના જંગરાલ ગામે રેલી યોજી સબ-ડિવિઝન ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

માવલ ચેકપોસ્ટ પાસેથી રોકડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

ટ્રકમાંથી ચોરાયેલા રૂ.૧.૩૫ કરોડ સાથે બે આરોપી પકડાયા

અમીરગઢ,તા,૧૭

આબુરોડ પોલીસે ટ્રકમાંથી રૂ. ૧.૩૫ કરોડની રોકડ રકમની ઉઠાંતરીના પ્રકરણમાં બે આરોપીઓને ૨૪ કલાકમાં ઝડપી લીધા છે. માવલ રિકો ગ્રોથમાંથી માલસામાન ભરી ગુજરાત જવા નીકળેલ ટ્રક સાથે આગળ વેપારીને આપવા માટે ટ્રક ચાલકને આપેલા બે કરોડ રોકડમાંથી ૧.૩૫ કરોડની ઉઠાંતરી કરનાર ટ્રક ચાલક સહિત બે આરોપીને માત્ર ચોવીસ કલાકમાં આબુરોડ પોલીસે પકડી તેઓના પાસેથી રકમ પરત મેળવી છે.

પોલીસે ટ્રક તપાસતા ૫૨.૫૦ લાખ મળ્યાં, મુખ્ય આરોપી ફરાર હોવાથી શોધખોળ ચાલું

આબુરોડ પોલીસના જણાવ્યા મુજબ, ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલ (મૂળ રહે, મુક્તુપુર ઊંઝા) અને આબુરોડ જ્યોત ફેક્ટરીના મેનેજરે આબુરોડ પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદ મુજબ, તેઓએ પશુઆહારના કટ્ટાઓ ભરેલી ટ્રક ઊંઝા માલ પહોંચાડવા માટે ટ્રક ચાલક બંટી ગહલોત કાદરભાઈ મુસલમાન (રહે ગાંધીનગર આબુરોડ)ને મોકલી હતો અને તેને બે કરોડ રૂપિયા રોકડ આપ્યા હતા જે ફેક્ટરીની માલ ખરીદવા માટે માહિર ટ્રેડર્સ ઊંઝામાં આપવાના હતા. આ ટ્રક માવલ ખાતે આવેલી ગુજરાત રાજસ્થાન સીમા ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા રોકવામાં આવી હતી પોલીસ તપાસ કરતા ટ્રક ચાલક બંટી ટ્રક છોડી જતો રહ્યો હતો.



માવલ ચોકી પરના પોલીસ દ્વારા ટ્રકની તલાસી લેતા ૫૨.૫૦ લાખ રૂપિયા મળી આવ્યા હતા. બાકીના ૧.૪૮ કરોડ ચાલક બંટી તથા તેના સાથી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ચોરી પ્રકરણમાં ગુનો દાખલ થતા પોલીસે આ દિશામાં તપાસ શરૂ કરી હતી આરોપીને પકડવા પોલીસે એક વિશેષ ટીમ બનાવી અલગ અલગ ટાસ્ક આપવામાં આવ્યા હતા. જ્યોત ફેક્ટરીથી લઈ માવલ ચેકપોસ્ટ સુધી લાગેલા તમામ કેમેરાઓ ચેક કરવામાં આવ્યા અને શકમંદ પર ખાસ નજર રાખવામાં આવી હતી. ચોરીની ઘટનાને અંજામ આપનાર શખ્સોની જાણકારી મેળવવામાં આવી હતી. તેઓના ફોન ડેટાઓ તપાસ કરી તેઓને ટ્રેસ આઉટ કરવામાં આવી ઘટનામાં સામેલ આરોપી સલમાનખાન સાહદુલાખન પઠાણ (રહે નીચાલગઢ આબુરોડ) અને ઈલિયાસખાનહ્યુમખાન પઠાણ (રહે નીચાલગઢ)ને પકડવામાં આવ્યા હતા અને તેઓની પાસેથી ચોરીના ૧.૩૫ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. જ્યારે ટ્રક ચાલક મુખ્ય આરોપી બંટી ગહલોત ફરાર હોવાથી શોધખોળ હાથ ધરવામાં આવી છે. અને પકડાયેલા આરોપીઓની પૂછપરછ પોલીસે કરી છે.

ખેડૂતોને કુદરત અને મોંઘવારીનો બેવડો માર

ઉત્તર ગુજરાતમાં વરસાદની ઘટ વચ્ચે ખાતરના ભાવમાં વધારાથી ખેડૂતોને ફટકો

હિંમતનગર,તા.૧૭

ચાલુ વર્ષે ચોમાસાની અનિયમિતતા અને વરસાદની ભારે ઘટને કારણે ઉત્તર ગુજરાતનો ધરતીપુત્રો પહેલેથી સિંચાઈના પાણીની ગંભીર ચિંતામાં મુકાયા છે. હવે રવિ સિઝનની વાવણી પહેલાં ખેડૂતોના માથે ખાતરના આસમાની ભાવવધારાનો કારમો બોજ ઝીંકી દેવામાં આવ્યો છે.

પાણીની અછત વચ્ચે પ્રતિ બેગ રૂ. ૧૯૫૦નો ભાવ ૨૪૫૦ પહોંચતાં ખેડૂતોમાં ભારે રોષ

દેશની અગ્રણી ખાતર ઉત્પાદક સહકારી સંસ્થા ઇફકો દ્વારા રવી સિઝનની શરૂઆત થાય તે પહેલાં જ અચાનક એન.પી.કે ખાતરના ભાવમાં પ્રતિ બેગ રૂ. ૫૦૦નો તોતિંગ વધારો જાહેર કરી દેવામાં આવ્યો છે. અગાઉ જે એન.પી.કે ખાતરની થેલી રૂ. ૧,૯૫૦ના ભાવે મળતી હતી. તે હવે સીધી રૂ. ૨,૪૫૦ના ભાવે ખરીદવા ખેડૂતો મજબૂર બનશે. વાવણીના ટાણે જ ખાતરમાં સીધો ૨૫ ટકાનો વધારો ખેડૂતો માટે પડતા પર પાટું સમાન સાબિત થઈ શકે છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, પાટણ અને વાવ થરાદ જિલ્લાઓમાં આ વર્ષે વરસાદની ઘટ નોંધપાત્ર રહી છે. જળાશયો અને ચેકડેમોમાં પૂરતો જળસંગ્રહ થયો નથી. પરિણામે ભૂગર્ભ જળ પણ ખાસ્સા ઊંડા ઉતરી ગયા છે. આવી વિષમ પરિસ્થિતિમાં ખેડૂતો રવિ સિઝનમાં ઘઉં, રાયડો, જીરું, વરિયાળી, ચણા તેમજ બટાટા જેવા મુખ્ય રોકડિયા પાકોનું વાવેતર કરવું કે નહીં તેની ભારે અવઢવમાં હતા. મોંઘા બિયારણ, ડીઝલ અને મજૂરીના વધેલા દરો વચ્ચે માંડ વાવણીનું આયોજન કરી રહેલા ખેડૂતો પર રાસાયણિક ખાતરનો આ નવો બોજ કમરતોડ સાબિત થશે. એન.પી.કે ખાતર રવિ પાકની ગુણવત્તા અને ઉત્પાદન માટે પાયાનું ગણાય છે, ત્યારે પ્રતિ બેગ રૂ. ૫૦૦નો સીધો વધારો થવાથી એક વીઘા દીઠ ખેતી ખર્ચમાં જંગી ઉછાળો આવશે.

ખેડૂત આગેવાનો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓમાં પણ અચાનક કરાયેલા વધારા સામે ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર એક તરફ ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે અને બીજી તરફ વાવણી ટાણે જ ખેતીના મુખ્ય ઘટકો મોંઘા કરી દેવામાં આવે છે. ઓછા વરસાદના કારણે ઉત્પાદન ઘટવાની પૂરી ભીતિ છે. ત્યારે આટલો મોટો વધારો ખેતીને સંપૂર્ણપણે ખોટનો ધંધો બનાવી દેશે.

ઉત્તર ગુજરાતના ખેડૂતો હવે એકસૂરે માંગ કરી રહ્યા છે કે, કુદરતી માર સહન કરી રહેલા અન્નદાતાના હિતમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર તાત્કાલિક દખલગીરી કરે અને ઇફકો દ્વારા ઝીંકાયેલો આ અસહ્ય ભાવવધારો તાકીદે પાછો ખેંચવામાં આવે, અન્યથા વાવણી ટાણે જ ખેડૂતોમાં મોટો અસંતોષ ફાટી નીકળશે.

પાટણ ધારપુર વચ્ચે એક્ટિવાએ ટક્કર મારી

ભાભરના સુથાર નેસડી ગામના તબીબ યુવાનનું અકસ્માતમાં મોત

ભાભર,તા.૧૭

ભાભર તાલુકાના સુથાર નેસડી ગામના આશાસ્પદ તબીબ યુવાન ગતરોજ પોતાના ઘરેથી બુલેટ લઈને ધારપુર ફરજ પર જવા નીકળ્યા હતા. દરમિયાન પાટણ અને ધારપુર વચ્ચે એક્ટિવા ચાલકે ટક્કર મારતા બુલેટ ચાલક રોડ પર પટકાયા હતા. જેમાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યુ હતું.

બુલેટ ચાલક રોડ પર પટકાયા બાદ ડિવાઈડર સાથે અથડાતાં ગંભીર ઈજાઓ થવાથી મોત

સુથાર નેસડી ગામના વિક્રમભાઈ ઠાકોરે એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને પાટણના ધારપુર ખાતે ફરજ બજાવતા હતા. તારીખ ૧૬ના રોજ તેઓ પોતાના ઘરેથી બુલેટ મોટરસાઈકલ લઈને ધારપુર જવા નીકળ્યા હતા. આ દરમિયાન પાટણ અને ધારપુર વચ્ચે એક્ટિવા ચાલકે ટક્કર મારતા બુલેટ ચાલક રોડ પર પટકાયા હતા. બાદ ડિવાઈડર સાથે અથડાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં તેમનમોત નીપજ્યું હતું. નાની ઉંમરે તબીબી અભ્યાસ પૂર્ણ કરી તબીબી ક્ષેત્રે ફરજ બજાવતા આશાસ્પદ યુવાનના અચાનક નિધનથી પરિવારજનો સહિત સગાં-સંબંધીઓ અને સુથાર નેસડી ગામમાં શોકનો માહોલ છવાયો છે.

અવસાન નોંધ

શ્રી સરસ્વતિ મુક્તિધામ ટ્રસ્ટ, સિધ્ધપુર

-સ્વ. દેવીપૂજક સંજયભાઇ રમેશભાઇ, ઉ.વ.૩૫, બાલીસણા, પાટણ
-સ્વ. ઠાકોર જીગરજી બાબુજી, ઉ.વ.૨૬, જાસ્કા, વડનગર
-સ્વ. પટેલ સૂર્યાબેન પ્રહલાદભાઇ, ઉ.વ.૫૨, રણેલા, બેચરાજી
-સ્વ. પંડ્યા કિર્તિકુમાર પોપટલાલ, ઉ.વ.૬૪, ખેરાલુ
-સ્વ. સુથાર કીર્તકુમાર કનૈયાલાલ, ઉ.વ.૪૯, કહોડા, ઊંઝા
-સ્વ. બારોટ શૈલેષકુમાર બચુભાઇ, ઉ.વ.૬૭, સિધ્ધપુર
-સ્વ. પટેલ પ્રહલાદભાઇ ઇશ્વરલાલ, ઉ.વ.૭૮, ઊંઝા
-સ્વ. પટેલ સીતાબેન રણછોડભાઇ, ઉ.વ.૭૯, કડવાસણ, મહેસાણા
-સ્વ. પટેલ શંકરભાઇ ગોદડભાઇ, ઉ.વ.૭૮, આંબાપુરા, પાટણ
-સ્વ. ચૌધરી સોમાભાઇ માધુભાઇ, ઉ.વ.૮૦, અમરાપુરા, માણસા
-સ્વ. પટેલ ડાહ્યાભાઇ રામજીદાસ, ઉ.વ.૮૫, ભાન્ડુ, વિસનગર
-સ્વ. રાવલ ભગવતીબેન નાનાલાલ, ઉ.વ.૫૭, પાલનપુર
-સ્વ. ઠક્કર કાન્તાબેન ઈશ્વરલાલ, ઉ.વ.૭૭, સહેસા, સિધ્ધપુર
-સ્વ. સોલંકી ધનીબેન ડાહ્યાભાઇ, ઉ.વ.૬૯, મહેસાણા
-સ્વ. રબારી દેવરાજભાઇ મઇજીભાઇ, ઉ.વ.૮૮, સુંઢિયા, વડનગર
-સ્વ. પટેલ સુમિત્રાબેન રાજેન્દ્રકુમાર, ઉ.વ૫૩, સુરપુરા, ઊંઝા
-સ્વ. ઠક્કર કમળાબેન જશવંતલાલ, ઉ.વ.૭૧, વડોદરા
-સ્વ. લુહારીયા નરેશભાઇ અમરસિંહભાઇ, ઉ.વ.૪૫, મહેસાણા.

અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાઇ

ઈસરીમાં તસ્કરોનો તરખાટ, બે મકાનમાંથી ૬૭ હજારની ચોરી

મેઘરજ, તા. ૧૭

મેઘરજ તાલુકાના ઈસરી ગામે ગત રાત્રે તસ્કરોએ બે મકાનને નિશાન બનાવી ચોરી કરી હતી. બંને મકાનમાંથી અંદાજે રૂ. ૬૦ હજારના સોના-ચાંદીના દાગીના અને રૂ. ૭ હજારની રોકડ રકમ મળી કુલ રૂ. ૬૭ હજારની મત્તા ચોરી થઈ હતી.

ફરિયાદ મુજબ, મહેન્દ્રકુમાર અમૃતલાલ પંચાલના ઈસરી ગામે આવેલા મકાનમાં તેઓ હાજર ન હતા તે દરમિયાન અજાણ્યા તસ્કરોએ દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ કબાટ અને તિજોરી ફંફોળી દાગીના તથા રોકડ રકમની ચોરી કરી હતી. સવારે ઘરે પરત ફરતાં દરવાજાનું તાળું તૂટેલું અને ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. આ ઉપરાંત ગામના અન્ય એક મકાનમાં પણ તસ્કરોએ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ મામલે શિક્ષક મહેન્દ્રભાઈ પંચાલે ઈસરી પોલીસમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી છે.

લોક પ્રકાશન લી. મહેસાણા વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે ૧૧૪-૧૧૫, જી.આઈ.ડી.સી. એસ્ટેટ મહેસાણા હાઈવે, મહેસાણા ખાતે છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

૧૦ બેઠકો માટે ૧૭ ઉમેદવારો વચ્ચે જંગ બાદ

પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપને આઠ, કોંગ્રેસની બે બેઠક પર જીત

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકાના કમાલપુર માર્કેટયાર્ડમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકોની ચૂંટણીનાં પરિણામ જાહેર થયા છે. ભાજપે ૮ અને કોંગ્રેસે ૨ બેઠકો જીતી હતી. મતગણતરી શનિવારે સવારે પૂર્ણ થતાં વિજેતા ઉમેદવારોના સમર્થકોમાં ખુશી જોવા મળી હતી.

યાર્ડમાં થયેલી મતગણતરીમાં ભાજપના ૧૦માંથી આઠ અને કોંગ્રેસના સાતમાંથી બે ઉમેદવાર વિજેતા

પ્રાંતિજ તાલુકાના કમાલપુર ખાતે આવેલા માર્કેટયાર્ડની સામાન્ય ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે તા. ૧૬ આક્ટોબર, ૨૦૨૬ના રોજ મતદાન યોજાયું હતું. આ ચૂંટણીમાં ભાજપના ૧૦ અને કોંગ્રેસના ૭ મળી કુલ ૧૭ ઉમેદવારો મેદાનમાં હતા. સહકાર વિભાગ અને વેપારી વિભાગની બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ હતી. ખેડૂત વિભાગની ચૂંટણી બાદ શનિવાર સવારે ૯ વાગ્યાથી માર્કેટયાર્ડ ખાતે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. ગણતરી પૂર્ણ થયા બાદ જાહેર થયેલા પરિણામમાં ભાજપના ૮ અને કોંગ્રેસના ૨ ઉમેદવારો વિજયી બન્યા હતા. આમ, કુલ ૧૦ બેઠકોમાંથી ભાજપને ૮ અને કોંગ્રેસને ૨ બેઠકો મળી હતી. ભાજપની તમામ બેઠકો જીતવાનું સ્વપ્ન રોળાયું હતું. ચૂંટણી અધિકારી એસ.એન. ઝાલાની દેખરેખ હેઠળ સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. હવે આગામી દિવસોમાં યાર્ડના ચેરમેન અને વાઇસ ચેરમેન માટે રાજકીય ચોગઠા રચાશે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને વ્યવહાર નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

જમીન વેચવાની છે
ગામ: માંકણજ ૧.૫ વિઘા રોડ ટચ જમીન વેચાણ આપવાની છે.
મો. 9662100349

નામ બદલેલ છે
જૂનુ નામ: પટેલ શ્રધ્ધા વિક્રમભાઈ
નવુ નામ: પટેલ શ્રધ્ધાબેન સંદીપકુમાર
: સરનામું :
આદર્શ નગર સોસાયટી, ગોઝારીયા, તા.જિ.મહેસાણા-૩૮૨૮૨૫

જાહેર નોટીસ
[illegible]

બેંક ઓફ બરોડા, બેચરાજી શાખા — સ્થાવર અને જંગમ મિલકત/તોના વેચાણ માટે નોટીસ
સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર અને જંગમ મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.
[illegible]
ઈ-હરાજીની તારીખ: ૦૫.૧૧.૨૦૨૬ અને ઈ-હરાજીનો સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી (૧૦ મિનિટના અમર્યાદિત વધારા સાથે) ● કબજાનો પ્રકાર : ભૌતિક ● નિરીક્ષણની તારીખ : ૦૪.૧૧.૨૦૨૬
સમય : સવારના ૧૧:૦૦ થી બપોરના ૪:૦૦ વાગ્યા સુધી (અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને)
[illegible]
સરફેસી એક્ટ મુજબ દેવાદાર / જામીનદાર / ગીરવેદારોને ૧૫ દિવસીય કાનૂની વેચાણ નોટીસ
તારીખ : ૧૮.૧૦.૨૦૨૬ | સ્થળ : બેચરાજી | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

જાહેર નોટીસ (જાહેર જનતાની જાણ માટે)
[illegible]
ઝમીર શેખ
એડવોકેટ